





# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા

વડોદરા








માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૩ * * * સંવત ૨૦૮૨ નીજ જેઠ સુદ ચોથ ગુરુવાર ૧૮ જૂન, ૨૦૨૬ * * * દૈનિક : ૮૯ - અંક : ૨૦૧

પાનાં ૧૨+૪ કિંમત ₹ ૫.૦૦


# મોદીએ ટ્રમ્પ સમક્ષ ભારતીય નાવિકોની સુરક્ષાનો મુદ્દો ઉઠાવ્યો

**જ્યાં સુધી** મોદી છે, ભારત વૈશ્વિક સ્તરે મોટી ભૂમિકા ભજવશેઃ ટ્રમ્પ

**બંને** નેતાઓએ સંબંધોમાં આવેલી કડવાશને દૂર કરી દ્વિપક્ષીય વેપાર કરારને જલ્દી આખરી ઓપ આપવા સંમતિ દર્શાવી

**પીએમ** મોદીએ વૈશ્વિક અર્થતંત્ર માટે હોર્મુઝની સામુદ્રધુનીને ખુલ્લી રાખવાની હાકલ કરી

**મોદીએ** પશ્ચિમ એશિયા સંકટને સમાપ્ત કરવા માટે ટ્રમ્પના પ્રયાસોની પ્રશંસા કરી




**એવિયન-લે-બેન્સ (ફ્રાન્સ), તા. 17 (PTI):** વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ બુધવારે જી-7 સંમેલન દરમિયાન અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ સાથે દ્વિપક્ષીય બેઠક યોજી હતી. આ બેઠકમાં પીએમ મોદીએ અમેરિકી સૈન્ય હુમલામાં 3 ભારતીય નાવિકોના મોતના પગલે લાખો ભારતીય નાવિકોની સુરક્ષાનો મુદ્દો ગંભીરતાથી ઉઠાવ્યો હતો અને અમેરિકા-ઈરાન વચ્ચે પ્રસ્તાવિત શાંતિ કરારમાં તેમની સુરક્ષાની જોગવાઈઓ રાખવા હાકલ કરી હતી. પીએમ મોદીએ વૈશ્વિક અર્થતંત્ર માટે હોર્મુઝની સામુદ્રધુનીને ખુલ્લી રાખવા અને દરિયાઈ સરહદોમાં મુક્ત અવરજવર સુનિશ્ચિત કરવા સાથે મળીને કામ કરવા પર ભાર મૂક્યો હતો.

બીજી બાજુ, પ્રમુખ ટ્રમ્પે પીએમ મોદીના ભારોભાર વખાણ કરતા તેમને એક અત્યંત કડક વાટાઘાટકાર ગણાવ્યા હતા અને ભવિષ્યમાં ભારત આવવાની ઈચ્છા વ્યક્ત કરી હતી. પશ્ચિમ એશિયાના સંકટ પર ભારતના પ્રભાવ અંગે ટ્રમ્પે જણાવ્યું કે, 'જ્યાં સુધી મોદી નેતા છે, ભારત દરેક ક્ષેત્રમાં ખૂબ મોટી ભૂમિકા ભજવશે.' આ સાથે જ તેમણે ઉમેર્યું કે, 'જ્યાં સુધી હું વ્હાઈટ હાઉસમાં છું, ત્યાં સુધી અમેરિકા ભારતનું સાચું મિત્ર રહેશે અને ભારત પર કોઈ પણ આક્રમણ થશે તો અમેરિકા તેની મદદ માટે ઊભું રહેશે.'

બંને નેતાઓએ ટેરિફ, મે 2025ના ભારત-પાકિસ્તાન વિવાદમાં અમેરિકાની મધ્યસ્થતાના દાવા અને H1-B વિઝા ફીના કારણે સંબંધોમાં આવેલી કડવાશને દૂર કરીને દ્વિપક્ષીય વેપાર કરારને જલ્દી આખરી ઓપ આપવા સંમતિ દર્શાવી હતી.

રાષ્ટ્રપતિ ટ્રમ્પે વડાપ્રધાન મોદી સાથેની આ મુલાકાતને 'ખૂબ જ ઉત્તમ' ગણાવી હતી.

3 ભારતીય નાવિકોના મોત અંગે પૂછવામાં આવેલા પ્રશ્નના જવાબમાં ટ્રમ્પે કહ્યું 'મેં તેના વિશે સાંભળ્યું છે, આ ખૂબ જ જોખમી અને અઘરો વ્યવસાય છે, એમાં કોઈ શંકા નથી. તેમણે આ દિશામાં સાથે મળીને કામ કરવાની વાત કહી હતી. અમેરિકામાં એચ1-બી વિઝાની સમસ્યાના કારણે ભારતીય પ્રોફેશનલ્સને પડતી મુશ્કેલીઓ અંગેના પ્રશ્ન પર ટ્રમ્પે જણાવ્યું કે, રોજગારના મામલામાં અમેરિકાના ભારત સાથે હંમેશાં ખૂબ જ શાનદાર અને જબરદસ્ત સંબંધો રહ્યા છે.

બાદમાં પોતાના ટેલિવિઝન સંદેશમાં વડા પ્રધાન નરેન્દ્ર મોદીએ પશ્ચિમ એશિયા (વેસ્ટ એશિયા)ના

...અનુસંધાન પાના 11 પર

## મોદીજી દેખાવમાં દેવદૂત જેવા પણ વાટાઘાટોમાં કિલર છેઃ ટ્રમ્પ

**બહારથી** શાંત દેખાતા મોદી વેપારના મામલામાં એટલા જ કડક અને અઘરા વાટાઘાટકાર છેઃ ટ્રમ્પ

**ટ્રમ્પની** રમૂજી ટિપ્પણી પર મોદી ખડખડાટ હસ્યા

**'હાઉડી મોદી'** અને 'નમસ્તે ટ્રમ્પ'ને યાદ કરી અમેરિકી પ્રમુખે આપી ભવિષ્યમાં ભારત મુલાકાતની ખાતરી

**પાકિસ્તાનને** છૂપી ચેતવણી

**પેરિસ, તા. 17:** ભારત અને અમેરિકા વચ્ચે વેપાર અને વિઝા નીતિઓને લઈને ચાલી રહેલા તણાવ વચ્ચે જી-7 સંમેલન દરમિયાન વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને અમેરિકી પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પની મુલાકાતમાં બંને નેતાઓ વચ્ચેની ઉષ્માભરી મિત્રતા ફરી જોવા મળી હતી.

પ્રમુખ ટ્રમ્પે વૈશ્વિક નેતાઓ સમક્ષ પીએમ મોદીના શાંત અને ગંભીર વ્યક્તિત્વ વિશે એક ખૂબ જ રમૂજી નિવેદન આપ્યું હતું. ટ્રમ્પે હસતા હસતા કહ્યું કે, 'વડા પ્રધાન મોદી ખૂબ જ શાંત અને શાનદાર વ્યક્તિ છે, પરંતુ તેઓ પડદા પાછળ એક અસલી કિલર (અત્યંત કડક નેતા) છે. મારી સરખામણીએ તેઓ ખૂબ જ કૂલ છે. જો તમે આ માણસ સામે જોશો તો તમને એક પાઠ ભણવા મળશે. તેઓ બહારથી અત્યંત સુંદર અને કોઈ નિર્દોષ દેવદૂત (એન્જલ) જેવા દેખાય છે, જેથી લોકો છેતરાઈ જાય છે, પરંતુ વાસ્તવમાં વેપારના મામલામાં તેઓ એટલા જ કડક અને અઘરા વાટાઘાટકાર છે.' ટ્રમ્પની આ રમૂજી વાત સાંભળીને પીએમ મોદી પણ ખડખડાટ હસી પડ્યા હતા.

ટ્રમ્પે અગાઉ વર્ષ 2024 માં એક પોડકાસ્ટમાં પણ મજાક કરી હતી કે, 'મોદીજી બહારથી જોવામાં તમારા પિતા જેવા પ્રેમાળ લાગે છે, પરંતુ વાસ્તવમાં તેઓ કિલર છે.'

જ્યારે બંને દેશો વચ્ચેના વેપાર કરારની પ્રક્રિયા અંગે ટ્રમ્પે કહ્યું કે, 'આપણે કરારની ખૂબ જ નજીક છીએ. આપણે થોડા સમયથી આના પર કામ કરી રહ્યા છીએ.' વાતચીત દરમિયાન ટ્રમ્પે વર્ષ 2019 માં ટેક્સાસમાં યોજાયેલા 'હાઉડી મોદી!' કાર્યક્રમનો ઉલ્લેખ કર્યો હતો. આ સાંભળીને પીએમ મોદીએ વચ્ચે ઉમેર્યું કે વર્ષ 2020માં અમદાવાદમાં 'નમસ્તે ટ્રમ્પ' કાર્યક્રમ પણ યોજાયો હતો.' નમસ્તે ટ્રમ્પ' નો ઉલ્લેખ થતાં જ ટ્રમ્પે જાહેરાત કરી કે, 'આપણે ભવિષ્યમાં કોઈક સમયે ફરી ભારત જઈશું.' આ હળવી ક્ષણો ઉપરાંત બેઠકમાં કેટલીક મહત્વની રાજકીય અને વૈશ્વિક બાબતોની પણ ચર્ચા થઈ હતી. જેમાં બંને દેશો વચ્ચે અટકેલા વેપાર કરાર, વિઝા અને ટેરિફ નીતિઓ, તેમજ ઓમાનના અખાતમાં અમેરિકી હુમલામાં 3 ભારતીય નાવિકોના મોતના મુદ્દે પીએમ મોદીએ ચિંતા વ્યક્ત કરી હતી. ઉપરાંત પશ્ચિમ એશિયાના વર્તમાન સંકટ પર પણ મુખ્ય ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું.

## દિલ્હી ડાયરી



### ૧૨ વર્ષનો ભરોસો અને પીએમ મોદીનો રેકોર્ડ

'વિશ્વાસ, વિકાસ અને જનકલ્યાણનાં ૧૨ વર્ષ પૂર્ણ' એ નરેન્દ્ર મોદીના નેતૃત્વવાળી વર્તમાન સરકારની ત્રીજી વર્ષગાંઠની ઉજવણીનું ભારતીય જનતા પાર્ટી (બીજેપી)નું સૂત્ર છે. પક્ષના અધ્યક્ષ નીતિન નબીને કેન્દ્ર અને રાજ્ય સ્તરે મીડિયા સાથે સંવાદ કરવાનું સૂચન કર્યું હતું અને તે મુજબ ૮થી ૧૪ જૂન દરમિયાન એક વિશેષ જનસંપર્ક અભિયાન શરૂ કરવામાં આવ્યું હતું, જે અંતર્ગત દેશભરમાં વૃક્ષારોપણ, સ્વચ્છતા અભિયાન અને જનકલ્યાણ શિબિરોનું આયોજન કરવામાં આવ્યું હતું. એવી જ રીતે રાજ્ય એકમોને એ બાબત પર ભાર મૂકવા માટે નિર્દેશ આપવામાં આવ્યો હતો કે કેવી રીતે મોદી 'દેશના સૌથી લાંબો સમય સતત ચૂંટાયેલા વડા પ્રધાન' બન્યા. જોકે, દેશના પ્રથમ વડા પ્રધાન પંડિત જવાહરલાલ નેહરુ સતત ૧૬ વર્ષ અને ૨૮૬ દિવસ સુધી આ પદ પર રહ્યા હતા, પરંતુ તેઓ તેમના કાર્યકાળના શરૂઆતના સાડા ચાર વર્ષથી વધુ સમય માટે ચૂંટાયેલા વડા પ્રધાન નહોતા. પ્રસંગ ગમે તેટલો નાનો હોય, ભાજપના વ્યૂહરચનાકારો કામ થયું હોય કે ન થયું હોય તેના મોટા દાવાઓ અને ક્રેડિટ લઈને મોટો દેખાવ કરવાની કોઈ તક ક્યારેય છોડતા નથી. મોદીનું સૌથી લાંબો સમય સતત ચૂંટાયેલા વડા પ્રધાન બનવું એ ચોક્કસપણે ભાજપ અને

...અનુસંધાન પાના 11 પર

તા. ૧૭-૦૬-૨૦૨૬નું વડોદરા શહેરનું **હવામાન**

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૮.૪° સે. | ૩૦.૦° સે. | ૪૭% |

## ઉદ્ધવ ઠાકરેની શિવસેનાના ૯માંથી ૬ સાંસદોનો બળવો

**બળવાખોર** સાંસદોએ લોકસભા સ્પીકરને શિંદે જૂથમાં જોડાવા માટે પત્ર લખ્યો હોવાનો અહેવાલ

**સંજય** રાઉતનો આક્ષેપ- '૫૦-૫૦ કરોડની ઓફર અપાઈ'

**સંજય** રાઉતે પ્રેસ કોન્ફરન્સમાં બાગી સાંસદો માટે અપશબ્દ વાપર્યા



**મુંબઈ, તા. 17 (PTI):** મહારાષ્ટ્રમાં ઉદ્ધવ ઠાકરેની શિવસેના (UBT)ને મોટો ફટકો પડ્યો છે, જ્યાં પક્ષના 9માંથી 6 સાંસદોએ બળવો કર્યો હોવાના અહેવાલો છે. સૂત્રોના જણાવ્યા અનુસાર, આ બાગી સાંસદોએ બુધવારે સવારે 9:30 વાગ્યે લોકસભા સ્પીકર ઓમ બિરલાને શિંદે જૂથમાં જોડાવા માટે પત્ર મોકલ્યો છે.

જોકે હજુ સ્પીકર કે બળવાખોર સાંસદોએ આ બાબતની પુષ્ટી કરી નથી.

આ સંકટ વચ્ચે દિલ્હીમાં શિવસેનાની યોજાયેલી પ્રેસ કોન્ફરન્સમાં માત્ર તેના 3 જ સાંસદો હાજર રહ્યા હતા, જેનાથી પક્ષની ગંભીર સ્થિતિ સ્પષ્ટ થઈ ગઈ છે. રાજ્યસભાના સાંસદ સંજય રાઉતે દિલ્હીમાં આક્રોશ ઠાલવતા આરોપ લગાવ્યો હતો કે, મહારાષ્ટ્રના સાંસદોને પક્ષ બદલવા માટે 50 કરોડ રૂપિયાની ઓફર કરવામાં આવી રહી છે, જેમાંથી 15 કરોડ રૂપિયા તો આજે રાત્રે જ પહોંચાડવાના હતા.

સંજય રાઉતે આક્રમક વલણ અપનાવતા બાગીઓને પડકાર

...અનુસંધાન પાના 11 પર

### કમાન્ડની વેબસાઇટ પર ભારતના નકશામાં POKને પાકિસ્તાનમાં દર્શાવતા મોટો વિવાદ

## અમેરિકાએ 'ઈન્ડો-પેસિફિક કમાન્ડ'માંથી 'ઈન્ડો' શબ્દ હટાવ્યો

**વર્ષ 2018માં** ડોનાલ્ડ ટ્રમ્પના કાર્યકાળ દરમિયાન ચીન સામે ભારતને મહત્વ આપવા આ કમાન્ડનું નામ બદલીને 'ઇન્ડો-પેસિફિક' કરવામાં આવ્યું હતું

**શશિ** થરૂરે પ્રશ્ન કર્યો શું આ ક્વાડના અંતની શરૂઆત છે




**વોશિંગ્ટન, તા. 17 (PTI):** અમેરિકાએ એક મોટો નિર્ણય લેતા પોતાના 8 વર્ષ જૂના નિર્ણયને ઉલટાવી દીધો છે અને 'યુએસ ઇન્ડો-પેસિફિક કમાન્ડ'નું નામ બદલીને ફરીથી તેનું મૂળ નામ 'યુએસ પેસિફિક કમાન્ડ' (USPACOM) કરી દીધું છે.

અમેરિકી સંરક્ષણ મંત્રાલયે મંગળવારે આ જાહેરાત કરતા જણાવ્યું હતું કે, આ ફેરફાર કમાન્ડના 1947ના ઐતિહાસિક વારસા અને સંસ્થાકીય ઓળખને સન્માન આપવા માટે કરવામાં આવ્યો છે, જેની સ્થાપના તત્કાલીન પ્રમુખ હેરી ટ્રુમેન દ્વારા કરાઈ હતી. વર્ષ 2018માં ડોનાલ્ડ ટ્રમ્પના પ્રથમ કાર્યકાળ

...અનુસંધાન પાના 11 પર

### વેબસાઈટ પર ભારતનો ખોટો નક્શો મૂકાતા વિવાદ ઉભો થયો

આ નિર્ણયની સાથે જ એક નવો વિવાદ પણ સામે આવ્યો છે. આ કમાન્ડની સત્તાવાર વેબસાઇટ પર ભારતના ઓપરેશનલ વિસ્તારના નકશામાં પાકિસ્તાન હસ્તકનું કાશ્મીર (પીઓકે) પાકિસ્તાનના ભાગ તરીકે દર્શાવવામાં આવ્યું છે, જે ભારતનો સત્તાવાર ખોટો નક્શો છે. ઉપરાંત 'અક્સાઈ ચિન' ને પણ ભારતના ભાગ

...અનુસંધાન પાના 11 પર

## બાંગ્લાદેશમાં કટ્ટરપંથીઓની ધમકી બાદ રામની 81 ફૂટ ઊંચી પ્રતિમાનું કામ અટકાવાયું

**કટ્ટરપંથીઓ** દ્વારા સરકાર દ્વારા મૂર્તિને બુલડોઝરથી તોડી પાડવા અથવા સામાન્ય મુસ્લિમો દ્વારા તેને ધ્વસ્ત કરવાની ધમકી અપાઈ હતી

**ભગવાન** રામ ઉપરાંત 50 ફૂટ ઊંચી ભગવાન શ્રીકૃષ્ણની અને 30 ફૂટ ઊંચી શિવજીની પ્રતિમા પણ બનાવવાની યોજના છે

**ઢાકા, તા. 17:** બાંગ્લાદેશના ઉત્તરી ગાયબાંધા જિલ્લાના પલાશબારીમાં એક મંદિર પરિસરની અંદર ભગવાન રામની 81 ફૂટ ઊંચી પ્રતિમાનું નિર્માણ થઈ રહ્યું હતું, જે દેશમાં ભગવાન રામની સૌથી મોટી પ્રતિમા બનવાની હતી. જોકે, આશરે 80 ટકા કામ પૂર્ણ થયા પછી કટ્ટરપંથી ઈસ્લામિક સંગઠનોની ધમકીઓ અને સોશિયલ મીડિયા પર ચાલી રહેલા ભારે દબાણને કારણે હાલમાં તેનું કામ અટકાવી દેવામાં આવ્યું છે. અંદાજે 220 મિલિયન ટકા (15.6 કરોડ રૂપિયા)ના આ પ્રસ્તાવિત પ્રોજેક્ટમાં ભગવાન રામ ઉપરાંત 50



ફૂટ ઊંચી ભગવાન શ્રીકૃષ્ણની અને 30 ફૂટ ઊંચી ભગવાન શિવજીની પ્રતિમા પણ બનાવવાની યોજના છે.

મંદિર સમિતિના જણાવ્યા મુજબ, સામાજિક સૌહાર્દ અને કાયદો-

...અનુસંધાન પાના 11 પર

## ૧૫ જુલાઈથી અમલમાં આવશે ભારત-યુકે વેપાર કરાર

**મોદી** અને કીર સ્ટારમરની મોટી જાહેરાત

**G-7** સમિટની મુલાકાત બાદ બંને દેશોના વડાપ્રધાને મંજૂરી આપી વ્હિસ્કી, કાર અને કોસ્મેટિક્સ પરની કસ્ટમ ડ્યુટીમાં થશે મસમોટો ઘટાડો

**ઈવિયન-લેસ-બેન્સ (ફ્રાન્સ), તા. ૧૭ (PTI).** ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર સમજૂતી ૧૫ જુલાઈથી અમલમાં આવશે.



એમ વડા પ્રધાન નરેન્દ્ર મોદી અને તેમના બ્રિટિશ સમકક્ષ કીર સ્ટારમરે બુધવારે જાહેરાત કરી હતી, આ સીમાચિહ્નરૂપ સોદો નક્કી થયાના લગભગ એક વર્ષ પછી આ જાહેરાત કરવામાં આવી છે.

વેપાર કરાર અમલમાં આવવાની આ જાહેરાત બંને વડા પ્રધાનોએ ઈવિયન-લેસ-બેન્સમાં જી૭ સમિટ દરમિયાન વાતચીત કર્યાના એક દિવસ પછી આવી છે.

મોદીએ સોશિયલ મીડિયા પર જણાવ્યું હતું કે, "ભારત-યુકે સંબંધો માટે એક ઐતિહાસિક સીમાચિહ્નરૂપ ક્ષણ. એ નોંધતા આનંદ થાય છે કે ભારત-યુકે વ્યાપક આર્થિક અને વેપાર સમજૂતી ૧૫ જુલાઈ ૨૦૨૬ના રોજ અમલમાં આવશે,"

"આ સમજૂતી આપણા દ્વિપક્ષીય વેપાર અને રોકાણને નોંધપાત્ર રીતે

...અનુસંધાન પાના 11 પર